Volume : 4 | Issue : 6 | June2015 ISSN - 2250-1991

Research Paper Arts

# Kodar:Dampatyjivanma visamvadthi susamvad tarafni gati

**AashkaDevmurari** M.A.,M.Phil. Vadodara

**KEYWORDS**

રા.વિ.પાઠકની વાર્તા 'કોદર' 'દ્વિરેફની વાતો' ભાગ-૨માં પ્રગટ થઇ હતી. બેરિસ્ટર પરમાણંદદાસનો પુત્ર શાન્તિલાલ, તેની નવોઢા પત્ની માલતી અને નોકર કોદર એ આ વાર્તાના પ્રમુખ પાત્રો છે. કોદર વાર્તાનું કથાવસ્તુ આ મુજબ છે: બેરિસ્ટર પરમાણંદદાસ અને ચન્દનગૌરીને ત્યાં ઉત્તર ગુજરાતના કોઈક ગામડાનો છોકરો કોદર છપ્પનિયાના કોઈ કાંઠા વરસમાં આવી પહોંચે છે. પરમાણંદદાસ અને ચન્દન બંનેને કોદર માટે સ્નેહ છે. એમાંય કોદરના આગમન પછી ચન્દન પુત્ર શાન્તિલાલને જન્મ આપે છે. ત્યારથી તેઓ કોદરના પગલાંને શુભ ગણવા માંડે છે. નાના શાન્તિને મૂકીને ચન્દન અચાનક મૃત્યુ પામે છે અને ત્યારે જ પરમાણંદદાસ કોદરને કહે છે:

'જો કોદર, હવે આપણા શાન્તિબાબુનાં આપણે જ બા થવાનું.'

કોદર પરમાણંદદસની આ આજ્ઞા અક્ષરશ: પાળી બતાવે છે. તે એક સાથે શાન્તિની મા, તેનો મોટો ભાઈ અને ચાકર બને છે. મિત્રોની સલાહથી પરમાણંદદાસ શાન્તિને ઈંગ્લેન્ડ બેરિસ્ટર બનવા મોકલે છે. અને એ પૂર્વે ગામડા ગામમાં રહેતા જમિયતરામની દીકરી માલતી સાથે શાન્તિના લગ્ન કરાવી દે છે. દીકરો વિદેશ જવાથી પરમાણંદદાસ એકલા પડી જાય છે. અને ધીમે ધીમે તેમનો જીવનમાંથી રસ ઊડી જાય છે. શાન્તિલાલ પાછો આવે તે પૂર્વે તેમનું મૃત્યુ થાય છે. ઈંગ્લેન્ડથી પાછો આવતો શાન્તિલાલ પત્ની માલતીને લઈને અમદાવાદ સ્ટેશને પહોંચે છે. ત્યાં કોદર તેમને લેવા આવે છે અને તે પોતાની પ્રતિજ્ઞા શાન્તિલાલને કહે છે:

'અને મેં એમના પગો પર હાથ મૂકી કહ્યું કે જેમ આજ સુધી કરતો'તો તેમજ મરતાં સુધી ભાઈની અને બહેનની ચાકરી કરીશ, ત્યારે બાપુનો જીવ ગતે ગયો.'

કોદરની આ ભીષણ પ્રતિજ્ઞા માલતીના ઉછરતાં કોડનો ભોગ લે છે. પરિણામે એક તીવ્ર સંઘર્ષમય વાતાવરણ રચાય છે. શાન્તિલાલ કોદર અને માલતી બેઉને સમજે છે પરંતુ બંનેમાંથી એકેયને સમજાવી શકતો નથી. એક દિવસ ગુસ્સામાં આવીને શાન્તિલાલ કોદરને ધમકાવી નાંખે છે. અને પરમાણંદદાસના સમયની વાત સંભાળવાની ના પાડે છે. એ આઘાતને કારણે કોદર ઘર છોડીને ચાલ્યો જાય છે. પણ મિત્રો અને માલતીની હાજરીને કારણે શાન્તિલાલ કોદરને મનાવવા જઈ શકતો નથી. એ જ સમયે આકરી ઠંડીનું મોજું શહેરમાં ફરી વળે છે. શાન્તિલાલની કોદર માટેની ચિંતા વધી જાય છે. તે બનતી તપાસ કરાવે છે પરંતુ કોદરનો કોઈ પતો મળતો નથી. ત્રીજા દિવસે વહેલી સવારે ઠુંઠવાયેલી હાલતમાં કોદર ઘરના બારણાં પાસે પડ્યો હોય છે. તેને જોઇને માલતી હેબતાઈ જાય છે. શાન્તિલાલની મદદથી તે કોદરને ઘરમાં લાવે છે. તેનાથી બનતી બધી સારવાર કરવાનો પ્રયાસ કરે છે. પરંતુ કોદર થોડાં જ કલાકોમાં મૃત્યુ પામે છે. કોદરના મૃત્યુથી માલતીને પ્રબળ પસ્તાવો થાય છે. તે શાન્તિલાલની માફી માંગે છે. દોઢેક વરસ પછી જયારે માલતી દીકરાને જન્મ આપે છે ત્યારે તેનું નામ 'ક' પરથી પાડવા શાન્તિલાલને કહે છે ને ત્યાં વાર્તા પૂરી થાય છે.

મનોવિશ્લેષણાત્મક અભિગમથી જોતાં આ વાર્તા ઘણી રસપ્રદ બની રહે છે. દ્વિરેફે આ વાર્તામાં સુખી લગ્નજીવનનું એક અદ્દભુત રહસ્ય દર્શાવી દીધું છે. ડૉ.જેકોબી લખે છે,

'The encounter with the soul-image is therefore not a task of youth but of maturity.'

લગ્નજીવનમાં પરિપક્વતા એ અનિવાર્ય બાબત છે. સ્ત્રી-પુરુષના સંબંધમાં માત્ર શારીરિક નહીં પણ માનસિક અને આત્મિક જોડાણ પણ અનિવાર્ય બાબત છે. માલતી, શાન્તિલાલ અને કોદર આ ત્રણેય પાત્રોમાં સૌ પ્રથમ કોદરને જોઈએ તો, કોદરે પોતાની જાતને પૂરેપૂરી પરમાણંદદાસના કુટુંબમાં ઓગાળી દીધી છે એ વાતનો ખ્યાલ આવી જાય. કોદરની વય વધવાથી તેનામાં એક જાતનું જક્કીપણું વધ્યું છે એ વાત લેખક જણાવે છે. તેનું કારણ વાર્તાના પ્રસંગોમાંથી મળી રહે છે. એક અનાથ છોકરાને એક દંપતીએ પોતાની સાથે સ્નેહથી રાખ્યો. પરમાણંદદાસે ચન્દનગૌરી અને શાન્તિલાલ પછી સૌથી વધારે ભરોસો મૂક્યો હોય તો તે છે કોદર. કોદર માટે પરમાણંદદાસ સર્વસ્વ છે. તે પરમાણંદદાસની સાથે નાના, મા વિનાના શાન્તિની કાળજી લે છે. કોદરના જીવનનું લક્ષ્ય જ શાન્તિલાલની સેવાનું છે. પરમાણંદદાસના શબ્દેશબ્દને પાળી બતાવવું એ જ એકમાત્ર ઇચ્છા કોદરની છે. એડલર જેને 'Life-goal' કહે છે, તે કોદર માટે તો શાન્તિલાલ અને માલતીની સેવા છે. કારણ કે તેણે પરમાણંદદાસને વચન આપ્યું હતું. સૂક્ષ્મ દૃષ્ટિએ જોઈએ તો, કોદરની આ ભાવના પાછળ તેની ઋણસ્વીકારની વૃત્તિ દેખાય છે. પરમાણંદદાસ અને ચન્દનગૌરી એ પોતાના જેવાં અનાથ બાળકને આશરો આપ્યો હતો એ વાત વૃધ્ધ કોદરના હૃદયમાં શિલાલેખની જેમ જડાઈ ગઈ છે. તેથી કોદરનું લક્ષ્ય જ આ ઋણ ચૂકવવાનું છે. બીજી તરફ લાગણીની રીતે જોઈએ તો પણ તે શાન્તિલાલ સાથે જોડાયેલો છે. આ લાગણીનો તંતુ એટલો મજબૂત છે કે જો તે શાન્તિલાલને છોડે તો જીવી જ ન શકે. આ રીતે જોઈએ તો કોદરમાં જોવા મળતાં જક્કીપણાનો ઉકેલ મળી જાય છે.

હવે માલતી અને શાન્તિલાલનો વિચાર કરીએ તો કેટલાંક પ્રશ્નો ઊભાં થાય. શા માટે માલતી કોદરને સમજી શકતી નથી? શા માટે શાન્તિલાલ કોદરનું માનસમાલતીને સમજાવી શકતો નથી? અને શા માટે કોદરનું મૃત્યુ અનિવાર્ય છે?

આ પ્રશ્નોના ઉત્તર વાર્તામાંથી મેળવીએ. શાન્તિલાલઈંગ્લેન્ડથી માલતી સાથે પત્રવ્યવહાર કરતો હોય છે. લેખક લખે છે કે આ પત્રવ્યવહારનો વિષય ઈંગ્લેન્ડની રીતભાત અને પોતાની દિનચર્યા હતો. પિતાના મૃત્યુ પછી શાન્તિલાલ જે પત્રો લખે છે તેનો વિષય ઈંગ્લેન્ડના લોકો ઘર કેવી રીતે ચલાવે છે તે હતો. દ્વિરેફ લખે છે કે શાન્તિલાલના પત્રોમાં ક્યાંય સંવનન કે પ્રેમની વાત આવતી નહોતી. તેઓ લખે છે,

'શાન્તિ પોતાની ઊંડી લાગણી શબ્દોમાં મૂકતા કે બીજી રીતે બતાવતાં શરમાતો, લાગણી જેમ તેના હૃદયની વધારે નિકટની, તેમ તે વધારે મૂંગો રહેતો.'

શાન્તિલાલના આ સ્વભાવને કારણે પત્રવ્યવહાર હોવા છતાં માલતીને શાન્તિલાલના પ્રેમનો અનુભવ થયો જ નથી. બીજું કે પત્રોનો વિષય પિતાના ગુણો, ઘરગૃહસ્થીની વાતો, ઈંગ્લેન્ડની રીતભાત, ઈંગ્લેન્ડના સ્થળો વગેરે હતો. પણ ક્યારેય કોદર વિશે કોઈ વાત થઇ નહોતી. એટલે જયારે શાન્તિલાલ પહેલી વાર માલતીને લઈને ઘરે પહોંચે છે ત્યારે તેમનો એકમેકને સમજવાનો સમય શરૂ થાય છે.

માલતી વિશે વિચારીએ તો તરત ખ્યાલ આવે છે કે તે જુદા પ્રકારના વાતાવરણમાં ઊછરી છે, શાન્તિલાલ મા વિનાના ઘરમાં, શિસ્તબદ્ધ રીતે મોટો થયો છે. માલતીનો ઉછેર વસ્તારી કુટુંબમાં થયો હોવાથી તે શાન્તિલાલની સરખામણીમાં ઓછી પરિપક્વ છે. ઓછાબોલા શાન્તિલાલના હૃદયમાં ઊતરીને માલતી પોતાના માટેનો પ્રેમ જાણે એ પહેલાં જ કોદર તે બેની વચ્ચે આવી જાય છે. માલતી મનોમન કોદર સાથે પોતાની તુલના કરીને એક પ્રકારની લઘુતા અનુભવે છે. કારણ કે તેને મન કોદર એક નોકર છે. એથી વિશેષ કંઈ નથી. જયારે શાન્તિલાલની નજરે કોદર માત્ર નોકર નથી. શાન્તિલાલના હૃદયમાં

કોદરનું સ્થાન શું છે એ જાણવાનો કે સમજવાનો માલતી પ્રયાસ કરતી નથી અને મનોમન પોતે જ એમ માની બેસે છે કે શાન્તિલાલ તેના કરતાં વધારે કોદરને ગણે છે. શાન્તિલાલનો ઓછાબોલો સ્વભાવ અને માલતીની પોતાની લાગણી દબાવી દેવાની રીતને કારણે બંને વચ્ચે સંવાદ સધાતો નથી. સ્ત્રી-પુરુષ સંબંધને મજબુત બનાવતું તત્વ સંવાદનું છે. શબ્દથી સંવનનની યાત્રાનો આરંભ થાય છે. કાર્લ જુંગની Soul-Imageની વિચારણાથી સમજીએ તો, જીવનમાં વિજાતીય પાત્રના આગમનથી જ વ્યક્તિને પોતાની સ્વભાવગત મર્યાદાઓ અને નબળાઈઓનો ખ્યાલ મળે છે. માલતીના સ્વભાવની મર્યાદા ગંભીર શાન્તિલાલ સમજી જાય છે. પણ તે માલતીને કોદર વિશે કંઇ સમજાવી શકતો નથી. કોદરની દરમિયાનગીરી પાછળનું કારણ સમજાવવાં શાન્તિલાલ પ્રયાસ કરે છે પણ માલતી સંભાળવા તૈયાર જ થતી નથી. શાન્તિલાલને ચાના પ્રસંગે તે જે પ્રશ્ન પૂછે છે તે જુઓ. માલતી અને શાન્તિલાલ હજુ ઘરમાં પ્રવેશે છે ત્યાં પિતાની યાદ આવતા શાન્તિલાલ ગંભીર બની જાય છે. પતિની ગંભીરતાને સમજી ગયેલી માલતી પતિને ઉત્સાહમાં લાવવા માટે પોતે જ ચા-નાસ્તો બનાવવા તૈયાર થાય છે. જવાબમાં અત્યાર સુધી પરમાણંદદાસના નિયમોમાં જીવેલો કોદર કહે છે:

'બહેન, તમને શાન્તિભાઈનો ચા કરવો નહીં ફાવે. કેમ ખરું ને ભાઈ!'

શાન્તિલાલ કોદરને ચા મૂકવાની હા પાડે છે કે તરત જ માલતી શાન્તિલાલને પૂછે છે:

'ગઇ કાલે મેં તમને ચા કરી આપી હતી તા વખતે ફાવી નહોતી?'

માલતીના પ્રશ્નમાં તે પોતે મનોમન કોદર સાથે પોતાની તુલના કરી રહી છે તેનો ખ્યાલ આવી જાય છે. એથી આગળ વધીને બીજા પ્રસંગે શાન્તિલાલ કોદરની માનસિકતા સમજાવવાનો માલતીને પ્રયાસ કરે છે તે જુઓ. શાન્તિલાલ કહે છે,

'કેમ તને જરા એકલું તો લાગશે. તારા પિતાના ઘેર તો વસ્તારી કુટુંબ છે. અહીં તો કોઈ નથી.'

જવાબમાં માલતી પોતાના હૃદયની પૂરેપૂરી કડવાશ અને તીખાશ સાથે કહે છે,

'ના, કોદરભાઇ છે ને!'

માલતીની આ પ્રકારની વૃત્તિ સાધારણ એવા પ્રશ્નને વધારે ગંભીર બનાવી મૂકે છે. સ્ત્રી-પુરુષના સંબંધોમાં સાથીની વાત ન સંભાળવાની વૃત્તિ ઘણાં ગંભીર પ્રશ્નો ઊભાં કરે છે. હઠીલા સ્વભાવની માલતી શાન્તિલાલની કોઈ વાત સંભાળવા તૈયાર નથી. તે પોતે જ શાન્તિલાલની વિરુદ્ધ એક દીવાલ ચણી લે છે. માલતીને કોદર પોતાનો પ્રતિસ્પર્ધી જેવો જણાય છે. તેથી જ તે એકવાર કોદરની દખલગીરીથી કંટાળીને ગુસ્સામાં બોલી દે છે:

'હું તે એક વરને પરણી છું કે બેને?'

અહીં ખરેખર તો માલતી પોતાના ગૃહિણી તરીકેના હક પર કોદર તરાપ મારી રહ્યો છે એમ કહી રહી છે. લેખક માલતીનો આ પ્રકારનો સ્વભાવ નીચેના શબ્દોમાં વર્ણવે છે:

'માલતીને, આ સ્થિતિ સામે ફરિયાદ કરવી કે તેના પર ગુસ્સો દર્શાવવો તે નિર્બળતા લાગી...તે એટલી ગૌરવશાળી હતી કે તેને પોતાનું દુઃખ કોઈપણ માણસ સામે દેખાવા દીધું નહીં...સમગ્ર સ્થિતિના સકારણ ખુલાસા વિનાના કોઈક ક્ષણિક અનુનય કે પ્રેમોર્મિથી ન મને એવી તે માનિની હતી. અને આ કુટુંબના ગત અનુભવ વિના, તે અનુભવથી ઘડાયેલું કોદરનું માનસ, તે પોતાના જીવનના આવેશમાં સમજી શકે તેમ નહોતી. તો કોદારનો ઇતિહાસસિદ્ધ જડ આગ્રહ માફ કરી કે નિભાવી તો ક્યાંથી જ શકે?'

અહીં લેખક માલતીનો હઠીલો સ્વભાવ, તેનો જુદો ઉછેર અને તે હજુ સુધી શાન્તિલાલના ઘરના વાતાવરણથી ટેવાઈ નથી આ બધું જ દર્શાવી દે છે.

શાન્તિલાલ માલતીને ખુશ રાખવા કોદરને ઓફિસમાં કામ સોંપે છે. તેથી તો માલતીનો અહમ્ વધારે ઘવાય છે. તેને લાગે છે કે માત્ર તેના ઉપર ઉપકાર કરવાં માટે જ શાન્તિલાલે કોદરને ખસેડ્યો છે. માલતી વધારે ને વધારે રોષે ભરાતી જાય છે. પણ પોતાના ગુસ્સાને તે દબાવી રાખે છે. શાન્તિલાલ કોદરને ધમકાવે છે અને કોદર ઘર છોડીને જતો રહે છે ત્યારે શાન્તિલાલ જે વ્યથા-પીડા અનુભવે છે તેનો પણ માલતી અવળો અર્થ કરે છે. દ્વિરેફ માલતીના મનની આ અવસ્થા નીચેના શબ્દોમાં વર્ણવે છે:

'તેને ફરી મનમાં થયું કે કોદરને ઓફિસમાં કાઢ્યો તે માત્ર બહારથી મારું મન મનાવવા જ હતું. બાકી તો એમના હૃદયમાં માત્ર કોદર જ હતો.'

અહીં સ્પષ્ટપણે લેખક દર્શાવી દે છે કે માલતી મનોમન કોદર સાથે પોતાની તુલના કરતી હતી. માલતી અને શાન્તિલાલનો સ્વભાવ જાણ્યા પછી હવે અગત્યનો પ્રશ્ન એ થાય કે શા માટે કોદરનું મૃત્યુ અનિવાર્ય છે?

કાર્લ જુંગ કહે છે તે મુજબ વ્યક્તિની પોતાની મર્યાદાઓની અનુભૂતિ વિજાતીય પાત્રથી થાય છે. અહીં માલતી પોતાની મર્યાદાઓથી અજાણ છે. તેનો હઠીલો સ્વભાવ, ગુસ્સો, દુઃખ જેવી લાગણીને મનમાં ને મનમાં દબાવી રાખવા જેવી વૃત્તિ સંબંધને હાનિકારક છે. એ જ કારણોસર તે લઘુતા અનુભવી રહી છે. એટલું જ નહિ તે પ્રેમાળ શાન્તિલાલને પણ યોગ્ય રીતે સમજી શકી નથી. આકરી ઠંડીમાં ઠુંઠવાયેલો કોદર મરતાં મરતાં પણ માલતીને કહે છે,

'બહેન, ભાઇ ગમે કહે પણ તેમને આજે મસાલો નાખીને ચા પાજો, નહિતર શરદી થઇ જશે. બાપુ કહેતા ગયા છે.'

મૃત્યુ પામતાં કોદરની શાન્તિલાલ માટેની લાગણીને જોતાં માલતીનું હૃદય થોડું પીગળે છે અને તેમાંય કોદરના મૃત્યુથી માલતીને શાન્તિલાલની તેના માટેની લાગણી સમજાય છે. સાથે જ માલતીને પોતાની ભૂલનો ખ્યાલ આવે છે. પોતે વિના કારણે કોદર જોડે સરખામણી કરીને પતિની લાગણીઓને ઠેસ પહોંચાડી છે એ વાતનો તેને ખ્યાલ આવે છે. તેના પરિણામે માલતી પોતાની સ્વભાવગત મર્યાદાઓને અને તેના પરિણામોને જોઈ શકે છે. કોદરના મૃત્યુથી માલતી અને શાન્તિલાલને એકમેકને સમજવાની તક મળે છે. કોદરના કારણે બંને વચ્ચે ચણાઇ ગયેલી દીવાલ કોદરના જ મૃત્યુથી તૂટે છે. માલતી પોતાની મર્યાદાઓ ત્યજીને શાન્તિલાલ સાથે મુક્ત મને વાત કરતી થાય છે. જે સફળ દાંપત્યજીવન માટે અનિવાર્ય એવી બાબત છે. તેથી કોદરનું મૃત્યુ આ અભિગમથી જોઈએ તો વાર્તામાં જરૂરી બની રહે છે.

મનોવિશ્લેષણાત્મક અભિગમથી જોતાં શાન્તિલાલને મનમાં ને મનમાં એકલાં ઊંડા વિચારો કર્યા કરવાની ટેવ છે. તે પોતે ઓછાબોલો છે. તો સામાપક્ષે માલતી નવી પરીસ્થિતિમાં પોતાની જાતને ઢાળી શકતી નથી. તે મનમાં ને મનમાં દુઃખ, ગુસ્સો, પીડા દબાવી રાખે છે. લાગણીઓના આ પ્રકારના દમનને કારણે તે ખરા હૃદયથી શાન્તિલાલ સાથે વાતચીત કરી શકતી નથી. કોદરના મૃત્યુથી માલતીની આ મર્યાદાઓ દૂર થાય છે.

દાંપત્યજીવનમાં સંવાદનું મહત્વ 'કોદર' વાર્તામાં જોવા મળે છે. પતિ-પત્નીમાંથી કોઈ એકના ચિત્તમાં જો કોઈપણ પ્રકારનો ખટકો હોય અને જો તે પાત્ર તેને સીધેસીધું કહેવાના બદલે મનમાં ને મનમાં દબાવવાનો પ્રયાસ કરે તો છેવટે નુકસાન સંબંધને થાય છે.

આમ, મનોવિશ્લેષણાત્મક અભિગમથી જોતાં 'કોદર' વાર્તામાં કરુણ કોદરના મૃત્યુથી નહિ પણ દંપતીના ચિત્તમાં જન્મેલી દીવાલથી અનુભવાય છે એમ કહી શકાય.